
# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી

## વિહંગાવલોકન




કુલપતિ
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ
ફોન: + ૯૧–૨૮૫–૨૬૭૧૭૮૪, ફેક્સ : + ૯૧–૨૮૫–૨૬૭૨૦૦૪
ઈ–મેઈલ: vc@jau.in, વેબસાઈટ: www.jau.in

: સંપર્ક :
વિસ્તરણ શિક્ષણ નિયામક
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ
ફોન: + ૯૧–૨૮૫–૨૬૭૨૬૫૩, ફેક્સ : + ૯૧–૨૮૫–૨૬૭૧૬૬૯
ઈ–મેઈલ: dee@jau.in, વેબસાઈટ: www.jau.in

સપ્ટેમ્બર, ૨૦૧૩

## યુનિવર્સિટી વિશે :

ગુજરાત સરકારશ્રી દ્વારા જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની સ્થાપના અગાઉની ગુજરાત કૃષિ યુનિવર્સિટીના ચાર ભાગ કરી કાયદાકીય જોગવાઈ મુજબ જૂનાગઢ કાર્યમથક સાથે તા. ૦૧/૦૫/૨૦૦૪ની અસરથી કરવામાં આવેલ છે. આઈ.સી.એ.આર. દ્વારા આ કૃષિ યુનિવર્સિટી તેમજ તેને સંલગ્ન ત્રણ મહાવિદ્યાલયો કૃષિ મહાવિદ્યાલય, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય અને મત્સ્ય વિજ્ઞાન મહાવિદ્યાલયને તા. ૨૫/૦૬/૨૦૦૯ની અસરથી માન્યતા આપેલ છે. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી હસ્તક હાલમાં સાત મહાવિદ્યાલયો અને ત્રીસ સંશોધન કેન્દ્રો કાર્યરત છે, જે ગુજરાત રાજ્યના કુલ ૧૯૬ લાખ હેકટર વિસ્તાર પૈકીના ૩૨.૮૨% (૬૪.૩ લાખ હેકટર) વિસ્તારનાં સૌરાષ્ટ્ર પ્રદેશના અગિયાર જીલ્લાઓ જૂનાગઢ, રાજકોટ, જામનગર, પોરબંદર, અમરેલી, ભાવનગર, સુરેન્દ્રનગર, મોરબી, બોટાદ, દ્વારકા અને સોમનાથ (ગીર)માં ફેલાયેલ છે. હાલમાં આ યુનિવર્સિટી કૃષિ ક્ષેત્રે સંશોધન, શિક્ષણ અને વિસ્તરણ શિક્ષણ માટેની એક શ્રેષ્ઠ સંસ્થા છે.





જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો મુખ્ય ઉદ્દેશ કૃષિ તેમજ તેને સંલગ્ન વિદ્યાશાખાઓમાં શિક્ષણની સુવિધા પુરી પાડવાનો છે. યુનિવર્સિટી કૃષિ તથા તેને સંલગ્ન ક્ષેત્રોમાં ઉત્પાદકતા તેમજ નફાકારકતામાં સતત પ્રગતિ માટે નીચે જણાવેલ ઉદ્દેશો હાથ ધરવા માટે પ્રતિબધ્ધ છે.

(૧) કૃષિ વિજ્ઞાન, બાગાયત વિજ્ઞાન, પશુ ચિકિત્સા તથા પશુપાલન વિજ્ઞાન, કૃષિ ઈજનેરી, મત્સ્ય– વિજ્ઞાન તેમજ સંલગ્ન વિષયોનું ગુણવત્તાસભર શિક્ષણ આપવું.

(૨) કૃષિની જાળવણી/ કૃષિના ટકાઉપણા માટે, ઉત્પાદન તથા આવક વધારવા અને કૃષિ તથા તેને સંલગ્ન ક્ષેત્રોમાં ઉદ્દભવતી સમસ્યાઓનાં સુયોગ્ય ઉકેલ માટે સંશોધનો કરી નવી ટેકનોલોજીઓ વિકસાવવી.

(૩) વિવિધ વિસ્તરણ કાર્યક્રમો દ્વારા ખેડૂતો તેમજ કૃષિ સંસ્થાઓ તથા વિસ્તરણ કાર્યકરો સુધી આધુનિક ટેકનોલોજી પહોંચાડવા કાર્યક્ષમ પધ્ધતિ વિકસાવવી.



## માળખાકીય સુવિધાઓ :

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ શહેરના મધ્યમાં રેલ્વે સ્ટેશનથી ૪ કિ.મી. તેમજ એસ.ટી. બસ સ્ટેશનથી ૩ કિ.મી.ના અંતરે આવેલી છે. યુનિવર્સિટીનું કેમ્પસ ૮૨૬.૯૬ હેકટરમાં ફેલાયેલ છે, તેમજ આશરે ૧૬૨૨.૯૮ હેકટર જમીન રાજ્યના ચાર જુદા જુદા આબોહવાકીય વિસ્તાર (ઝોન ૫, ૬, ૭ અને ૮ ) હેઠળનાં જુદા જુદા પ્રાદેશિક સંશોધન કેન્દ્રો, પેટા સંશોધન કેન્દ્રો અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રોમાં આવેલી છે.



યુનિવર્સિટી બિલ્ડીગો/મકાનો, પ્રયોગશાળાઓ, આધુનિક સુવિધાયુક્ત વર્ગખંડો, જુદી જુદી કોલેજોનાં તમામ વિભાગોમાં કોમ્પ્યુટર લેબોરેટરીઓ તેમજ સેમીનાર હોલ વગેરે જેવી ભૌતિક સુવિધાઓથી સુસજ્જ છે. યુનિવર્સિટી પાસે આધુનિક નિદર્શન અને સંશોધન કેન્દ્રો, ઉપકરણો અને ફાર્મ મશીનરી, ગ્રીન હાઉસ, પોલી હાઉસ, નેટ હાઉસ, મત્સ્ય ઉછેર તળાવો, અતિથિગૃહો/ગેસ્ટહાઉસ તેમજ આરોગ્ય કેન્દ્ર વગેરે ઉપલબ્ધ છે, જે વિદ્યાર્થીઓને તેમજ સ્ટાફને તેમના વ્યક્તિત્વનાં સર્વાંગી વિકાસ માટે પ્રાકૃતિક વાતાવરણ પૂરું પાડે છે.



યુનિવર્સિટીની લાયબ્રેરી સાત મહાવિદ્યાલયો તથા પાંચ પોલીટેકનીકના વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ યુનિવર્સિટી હેઠળનાં સંશોધન કેન્દ્રો અને વિસ્તરણ શિક્ષણ કેન્દ્રોનાં વૈજ્ઞાનિકોને સેવાઓ પૂરી પાડે છે. બે માળના મકાનમાં આશરે દોઢ લાખ પુસ્તકો સંગ્રહ કરવાની ક્ષમતા સાથેની આ એક ખુબ જ સમૃધ્ધ લાયબ્રેરી છે. હાલમાં આ લાયબ્રેરી ખાતે ૪૫,૦૦૦ પુસ્તકો ઉપલબ્ધ છે. આ ખુબ જ કિંમતી પુસ્તકો વિદ્યાર્થીઓને શિક્ષણ, સંશોધન અને સ્પર્ધાત્મક પરિક્ષાઓની તૈયારી માટે ખરા અર્થમાં જરૂરી વાંચન સામગ્રી પૂરી પાડે છે. તદ્ઉપરાંત આ લાયબ્રેરી ખાતે

૧૬,૦૦૦ જેટલા બેક વોલ્યુમ અને બાવન ભારતીય તેમજ અગીયાર વિદેશી જર્નલ ઉપલબ્ધ છે.



**ઈન્ટરનેટ, લાયબ્રેરી, ઈત્તર પ્રવૃત્તિઓની સુવિધાઓ :**

વિદ્યાર્થીઓ તેમજ વૈજ્ઞાનિકોને આધુનિક સુવિધાઓ યુક્ત સાયબ્રેરી કે જેમાં ૧૦૦ એમ.બી.પી.એસ. લેન કનેકટીવીટી દ્વારા વિશ્વના કોઈપણ સંશોધન સંલગ્ન માહિતી ઓનલાઈન મેળવી શકે તે માટેની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે. આ સુવિધાઓ સાથે અગિયાર ઈ–બુકસ તથા સેરા (CERA) મારફત ફોરેન જર્નલ એસેસ કરવાની સુવિધા ઉપલબ્ધ છે. હરિયાણા એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી, હિસ્સાર મારફત ''સમગ્ર ભારતની કૃષિ યુનિવર્સિટીઓની કૃષિ પ્રભા ઓનલાઈન ડોકટરલ થીસીસ સુવિધા પણ ઉપલબ્ધ છે. સીડીરોમ ડેટાબેઈઝ જેવા કે, CAB ABSTRACT, AGRICOLA, AGRIS જેવા આધુનિક સોફ્ટવેર દ્વારા આધુનિક વિગતો પ્રાપ્ત કરી શકાય છે. આ ઉપરાત ઈન્ટરનેટ કનેકટીવીટી, સ્કેનીગ તથા સીડી રાઈટીગની સુવિધા વિદ્યાર્થીઓને આ સાયબ્રેરી મારફત ઉપલબ્ધ કરવામાં આવેલ છે. ઉપરોક્ત સુવિધાઓ માટે ૩૦ જેટલા વર્ક સ્ટેશનો દ્વારા BSNL મારફત ઈન્ટરનેટ સુવિધા આપવામાં આવે છે. આ સુવિધાનો લાભ સરેરાશ દરરોજ ૨૦૦ થી ૨૫૦ વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફ દ્વારા ઉપયોગ કરવામાં આવી રહેલ છે. વિદ્યાર્થીઓને તેના જે તે સત્રનાં વિષયો અનુસાર બુક બેંક મારફત પુસ્તકો પુરા પાડવામાં આવે છે. વાંચકોને દૈનિક સમાચારોથી અવગત રાખવા લાયબ્રેરી દ્વારા નવ જેટલા સમાચારપત્રો મંગાવવામાં આવે છે. વળી, "Libsys" સોફ્ટવેર દ્વારા લાયબ્રેરી આધુનિક સમયની માંગ મુજબ અગ્રેસર થઈ રહેલ છે.




લાયબ્રેરી સવારે ૦૮:૦૦ થી સાંજે ૦૬:૧૦ તેમજ સાયબ્રેરી સવારે ૦૮:૦૦ થી રાત્રે ૦૮:૦૦ કલાક સુધી સેવા આપે છે. આ સુવિધા વાંચકો માટે કામકાજના દિવસોમાં ખુલ્લી રાખવામાં આવે છે.



ઈત્તર પ્રવૃતિઓ દ્વારા વિદ્યાર્થીઓના વિકાસ માટે ખેલકૂદ, બાસ્કેટ બોલ, કબડ્ડી, વોલીબોલ અને ક્રિકેટ જેવી રમતો માટે સંપૂર્ણ સુવિધાયુક્ત રમત ગમતનું એક વિશાળ મેદાન ઉપલબ્ધ છે. બેડમિન્ટન કોર્ટ, ટેબલ ટેનિસ કોર્ટ અને વેઈટ લીફટીગ ખંડની સુવિધા ધરાવતું એક ઈન્ડોર સ્ટેડીયમ પણ છે. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનાં આયોજન માટે એક મોટું ઓડિટોરિયમ અને એક ઓપન એર થિયેટર પણ છે.



**શિક્ષણ કાર્યક્રમ :**

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા હાલમાં પાંચ વિદ્યાશાખાઓ હેઠળની સાત મહાવિદ્યાલયો; કૃષિ મહાવિદ્યાલય, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય, પશુ ચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, બાગાયત વિજ્ઞાન, એગ્રીબીઝનેશ મેનેજમેન્ટ, મત્સ્ય વિજ્ઞાન મહાવિદ્યાલય વેરાવળ, કૃષિ મહાવિદ્યાલય અમરેલી ખાતે સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. આ પાંચ વિદ્યાશાખાઓમાં ઉપરોક્ત સાત મહાવિદ્યાલયો મારફત ૫ સ્નાતક ડીગ્રીના અભ્યાસક્રમો, જુદા જુદા ૨૭ વિષયોમાં અનુસ્નાતક ડીગ્રીના અભ્યાસક્રમો તેમજ ૨૦ જેટલા વિષયોમાં ડોકટર્સ ડીગ્રીના અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે.



ભારત સરકારશ્રીના નવી દિલ્હી ખાતેના ICAR (ભારતિય કૃષિ અનુસંધાન પરિષદ) એક્રીડીટેશન બોર્ડ દ્વારા જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીને તેમજ કૃષિ મહાવિદ્યાલય, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય અને મત્સ્ય વિજ્ઞાન મહાવિદ્યાલય વેરાવળના સ્નાતક તેમજ અનુસ્નાતક અભ્યાસક્રમોને પાંચ વર્ષ માટે (૨૪ જૂન, ૨૦૧૪ સુધી) માન્યતા આપવામાં આવેલ છે.

તદ્ઉપરાંત યુનિવર્સિટી દ્વારા ૨૦૦૯ના વર્ષથી જુદી–જુદી વિદ્યાશાખાના ત્રણ વર્ષના પોલીટેકનીક ડિપ્લોમા કોર્ષ, પોલીટેકનીક ઈન

હોર્ટીકલ્ચર અને પોલીટેકનીક ઈન એગ્રો પ્રોસેસીગ જૂનાગઢમાં, પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, ધારી ખાતે, પોલીટેકનીક ઈન હોમસાયન્સ, અમરેલી ખાતે શરૂ કરવામાં આવેલ છે. ચાલુ વર્ષથી બે નવા પોલીટેકનીક ડિપ્લોમા કોર્ષ, પોલીટેકનીક ઈન એનિમલ હસબન્ડરી, જૂનાગઢ ખાતે તેમજ પોલીટેકનીક ઈન એગ્રી એન્જીનિયરીગ એન્ડ ટેકનોલોજી, તરઘડીયા (રાજકોટ) ખાતે તથા સ્નાતક અભ્યાસક્રમની એક કૃષિ મહાવિદ્યાલય અમરેલી ખાતે શરૂ કરવામાં આવેલ છે.



વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન વિદેશના વિદ્યાર્થીઓને આપેલ પ્રવેશ અંતર્ગત સુદાનનાં એક વિદ્યાર્થીને પીએચ.ડી. (એફએમપી)માં, એક ઘાના તથા એક નાઈઝેરીયાના વિદ્યાર્થીને એમ.એસસી. (એગ્રી) (એગ્રોનોમી અને એકસટેન્શન)માં તેમજ એક તાંઝાનીયાના વિદ્યાર્થીને એમ.ટેક. (એફએમપી)માં પ્રવેશ આપવામાં આવેલ છે.

| કોલેજ/ પોલીટેકનીક | ડીગ્રી/ ડીપ્લોમા કોર્ષ | ચાલુ થયાનું વર્ષ |
|---|---|---|
| કૃષિ મહાવિદ્યાલય,જૂનાગઢ | બી.એસસી. (એગ્રી.) | ૧૯૬૦ |
| | એમ. એસસી. (એગ્રી) પીએચ.ડી. | ૧૯૬૫ |
| | બી.એસસી. (ઓનર્સ) હોર્ટી. | ૨૦૧૨ |
| | એમ. એસસી. (હોર્ટી) પીએચ.ડી. | ૧૯૬૫ |
| કોલેજ ઓફ એગ્રી. એન્જી નિયરીગ અને ટેકનોલોજી, જૂનાગઢ (એક્રીડીટેડ બાય ઈન્સ્ટીટયુટ ઓફ એન્જીનીયર્સ, કલકત્તા ઈન ૨૦૦૦ & AICTE, ન્યુ દિલ્હી ઈન ૨૦૦૮) | બી.ટેક. (એગ્રી. એન્જી) | ૧૯૮૪ |
| | એમ. ટેક.(એગ્રી. એન્જી) | ૧૯૯૪ |
| | પીએચ.ડી.(એગ્રી. એન્જી) | ૨૦૦૧ |
| મત્સ્ય વિજ્ઞાન મહાવિદ્યાલય, વેરાવળ | બી. એફ. એસસી. | ૧૯૯૧ |
| | એમ. એફ. એસસી. | ૨૦૦૬ |
| | પીએચ.ડી.(ફીશરીઝ) | ૨૦૧૧ |
| પશુ ચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, જૂનાગઢ | બી.વી. એસસી. એન્ડ એ.એચ. | ૨૦૦૮ |
| | એમ.વી. એસસી. પીએચ.ડી.(વેટ) | ૨૦૦૮ |
| પીજી ઈન્સ્ટીટયુટ ઓફ એગ્રી. બીઝનેસ મેનેજમેન્ટ, જૂનાગઢ | એમ.બી.એ.ઈન એગ્રી. બીઝનેશ | ૨૦૦૮ |
| પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, ધારી | ડીપ્લોમા ઈન એગ્રીકલ્ચર | ૨૦૦૯ |
| પોલીટેકનીક ઈન હોર્ટીકલ્ચર, જૂનાગઢ | ડીપ્લોમા ઈન હોર્ટીકલ્ચર | ૨૦૦૯ |
| પોલીટેકનીક ઈન એગ્રો પ્રોસેસીંગ, જૂનાગઢ | ડીપ્લોમા ઈન એગ્રો. પ્રોસેસીંગ | ૨૦૦૯ |
| પોલીટેકનીક ઈન હોમ સાયન્સ, અમરેલી (ફકત બહેનો માટે) | ડીપ્લોમા ઈન હોમ સાયન્સ | ૨૦૦૯ |
| કૃષિ મહાવિદ્યાલય,અમરેલી | બી.એસસી. (એગ્રી.) | ૨૦૧૩ |
| પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચરલ એન્જીનિયરીગ એન્ડ ટેકનોલોજી, તરઘડીયા | ડીપ્લોમા ઈન એગ્રીકલ્ચર એન્જીનિયરીગ એન્ડ ટેકનોલોજી | ૨૦૧૩ |
| પોલીટેકનીક ઈન એનિમલ હસબન્ડરી,જૂનાગઢ | ડીપ્લોમા ઈનએનિમલ હસબન્ડરી | ૨૦૧૩ |

તાંઝાનીયાના છ વિદ્યાર્થીઓએ બી.એફ.એસસી.માં સ્નાતક કક્ષાનો અને અફઘાનીસ્તાનના એક વિદ્યાર્થીએ એમ.એસસી. (હોર્ટી.)માં અનુસ્નાતક કક્ષાનો અભ્યાસ પૂર્ણ કરેલ છે. હાલ તાંઝાનીયાના અને મલાવીના એક એક વિદ્યાર્થીઓનો અનુક્રમે એમ.ટેક.(એગ્રી. એન્જી. અને ટેકનોલોજી) અને એમ.બી.એ. માં અભ્યાસ ચાલુ છે.

**સંશોધન :**



યુનિવર્સિટીમાં વિસ્તારની વિશિષ્ટતા આધારીત ચોક્કસ ઉત્પાદન તકનીકો વિકસિત કરવા વિવિધ વિભાગોને આવરી લેતા મુખ્ય સંશોધન કેન્દ્ર, અલગ– અલગ પાક પરનાં પેટા સંશોધન કેન્દ્રો અને પરિક્ષણ કેન્દ્રો સહિત કુલ ૩૦ સંશોધન કેન્દ્રો ધરાવે છે. આ કેન્દ્રો નવી વિકસાવેલ જાતો/સંકર જાતો માટે "નફાકારક અને ટકાઉ ઉત્પાદન ટેકનોલોજી પેકેઝના" વિકાસ માટે પણ કામ કરે છે.

છેલ્લા નવ વર્ષ દરમ્યાન યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતો માટે કુલ ૩૭ નવી પાકની જાતો અને ૩૧૯ ખેડૂતો માટેની ભલામણો સહિત કુલ ૩૫૬ તકનીકી ભલામણો વર્ષ ૨૦૦૪–૦૫ થી ૨૦૧૨–૧૩ સુધીમાં યુનિવર્સિટીએ આપેલી છે. આ ઉપરાંત વૈજ્ઞાનિકો માટેની કુલ ૮૨ તાંત્રિક ભલામણો પણ કરવામાં આવેલ છે.



આ યુનિવર્સિટીએ નવા પાકની ૩૭ જાતો વિકસાવેલ છે, જેમાંથી ૧૪ જાતોની રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ ભલામણ થયેલ છે.

| પેટા સમિતિ | ભલામણ | |
|---|---|---|
| | ખેડૂતો માટે | વૈજ્ઞાનિકો માટે |
| પાક સુધારણા | ૩૭ | ૦૨ |
| પાક ઉત્પાદન | ૧૩૯ | ૧૪ |
| પાક સંરક્ષણ | ૮૦ | ૧૮ |
| બાગાયત અને કૃષિ વન નિર્માણ | ૩૨ | ૦૪ |
| કૃષિ ઈજનેરી | ૪૧ | ૧૦ |
| મત્સ્ય વિજ્ઞાન | ૧૨ | ૧૦ |
| પશુ વિજ્ઞાન | ૧૨ | ૦૪ |
| બેઝીક વિજ્ઞાન | ૦૩ | ૧૩ |
| સામાજિક વિજ્ઞાન | ૦૦ | ૦૭ |
| કુલ | ૩૫૬ | ૮૨ |





યુનિવર્સિટીના આરંભથી જ સંશોધન ક્ષેત્રે યુનિવર્સિટીનો ફાળો અમુલ્ય રહેલ છે, જે અંતર્ગત મગફળીની આઠ જાતો, બાજરાની છ જાતો, ભીંડાની ૪ જાતો, તલ અને રીંગણની ત્રણ–ત્રણ જાતો, વાલની બે જાતો, ઘઉ, એરંડા, ચણા, ટમેટા, લસણ, તુરીયા, સોયાબીન, સીતાફળ, નાળીયેર, કપાસ અને શેરડીની એક–એક જાત વિકસાવેલ છે.



વધુમાં આ યુનિવર્સિટી દ્વારા જુદા–જુદા પાકોની જુદી–જુદી જાતોના બીજ ઉત્પાદન કાર્યક્રમ પણ લેવામાં આવે છે. મેગા સીડ પ્રોજેકટ દ્વારા વર્ષ ૨૦૦૬–૦૭ થી ૨૦૧૨–૧૩ સુધીમાં લગભગ ૧૨,૩૭૧ કવીન્ટલ બ્રીડર સીડ (સંવર્ધક બીજ) અને ૪૭,૩૨૪ કવીન્ટલ ટુથફુલ સીડનું ઉત્પાદન કરેલ છે. આ સમયગાળા દરમ્યાન કુલ ૨,૧૪,૩૫૭ ફળ પાકોની કલમો, ૩,૭૭,૩૬૨ છોડના રોપાઓ અને ૬,૫૦,૦૦૮ ઘરુ ખેડૂતોને આપેલ છે. યુનિવર્સિટીના પ્રારંભથી અત્યાર સુધીમાં કુલ ૨૬૨ સંશોધન યોજનાઓ ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, ભારત સરકાર, ગુજરાત સરકાર અને અન્ય એજન્સી દ્વારા મંજૂર થયેલ છે.

અત્યાર સુધીમાં આ યુનિવર્સિટીના માનવ સંસાધન વિકાસ હેઠળ જુદા જુદા સ્થળોએ યોજાતા સેમીનાર, કોન્ફરન્સ, વર્કશોપ, ગ્રુપ મીટીગ વગેરે જેવા અલગ–અલગ કાર્યક્રમોમાં આ યુનિવર્સિટીના ૩૧૬૮ વૈજ્ઞાનિકોએ ભાગ લીધો છે અને યુનિવર્સિટી દ્વારા આવા ૭૪ કાર્યક્રમો યોજેલ છે. યુનિવર્સિટી દ્વારા છેલ્લા નવ વર્ષમાં રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય સંસ્થાઓ સાથે શિક્ષણ અને સંશોધનની કામગીરી માટે ૧૯ એમ. ઓ. યુ. કરેલ છે. વળી સાઉથ આફ્રિકા, તાંઝાનીયા, ઈઝરાયેલ અને ઈન્ડોનેશીયા જેવા જુદા– જુદા દેશના પ્રતિનિધિ મંડળોએ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની મુલાકાત લીધી છે.



આ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોનું સંશોધન લેખો બાબતે રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય સ્તરે પ્રકાશનમાં મોટુ યોગદાન રહેલ છે. યુનિવર્સિટી દ્વારા કુલ ૨૩૩૩ સંશોધન પેપરો અને પુસ્તકો પ્રકાશિત થયેલ છે. વધુમાં બાજરાની જાતો જેવી કે જીએચબી–૫૨૬, જીએચબી–૫૫૮, જીએચબી–૫૩૮, જીએચબી–૭૧૯ અને જીએચબી–૭૪૪, તલની જાતો ગુ.–તલ–૧૦ (કાળા) અને ગુજરાત તલ–૩, કપાસની જાતો ગુ. કપાસ–૧૮ તેમજ મગફળીની જાતો જીજી–૩, જીજી–૫, જીજી–૬, જીજી–૭, જીજી–૮, જીજી–૯, જીજેજી–૩૧, જીજી–૧૪, જીજી–૧૫, જીજી–૧૬, જીજી–૨૧ અને જીજેજી–એચપીએસ–૧ની નોંધણી PPV અને FRમાં કરેલ છે. જી.આઈ. રજીસ્ટ્રેશન ભારત સરકાર, ચેન્નાઈ દ્વારા જૂનાગઢનો ગીર વિસ્તાર અને અમરેલી જીલ્લાને ગીર કેસર કેરીનો ''જી. આઈ. નંબર ૧૮૫'' તરીકે નોંધણી કરેલ છે.



## વિસ્તરણ :

હાલમાં કૃષિ ડીપ્લોમાં સ્કુલ, બેકરી તાલીમ કેન્દ્ર, માળી તાલીમ કેન્દ્ર, તાલીમ અને મુલાકાત યોજના, સરદાર સ્મૃતિ કેન્દ્ર, ખેત સલાહ સેવા કેન્દ્ર, ૬ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મત્સ્ય પાલન વિસ્તરણ કાર્યક્રમો, કૃષિ તકનીકી માહિતી કેન્દ્ર, સેન્ટર ઓફ કોમ્યુનિકેશન નેટવર્ક, સીડ વિલેજ જેવા વિસ્તરણના કાર્યક્રમો આ યુનિવર્સિટી દ્વારા ખેડૂતોને કૃષિની નવીનતમ માહિતી આપવા માટે કાર્યરત છે. આમ, ઉપરોક્ત વિસ્તરણ કાર્યક્રમો મારફત ખેડૂતોનો ઉત્સાહ વધારી અને તેના અલગ–અલગ પાકોનું વિપુલ પ્રમાણમાં ઉત્પાદન વધારવામાં અને તેની ખેતીને નફાકારક બનાવવામાં યુનિવર્સિટીની વિસ્તરણ પ્રવૃતિઓનું ઉત્કૃષ્ટ પ્રદાન રહેલું છે.



યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ નવીનતમ સંશોધનો અને તેને સંલગ્ન ટેકનોલોજી ખેડૂતો સુધી પહોંચાડવા વિસ્તરણ શિક્ષણ વિભાગ દ્વારા અલગ–અલગ કાર્યક્રમો જેવા કે, ખેડૂત સભા, ગ્રુપ ચર્ચા, ખેડૂત સેવા, ખેત હવામાન સેવા સલાહ, પાક નિદર્શન, શૈક્ષણિક પ્રવાસ, સેમીનાર, પશુ નિદાન કેમ્પ, પ્રદર્શન, કૃષિ મેળા, કૃષિ મહોત્સવ, રેડીયો ટોક, ટી.વી. પ્રોગ્રામ, પત્ર અને ફોન દ્વારા માહિતી આપવી, કૃષિ સાહિત્યનું પ્રકાશન, પ્રેસનોટ, ટેકનોલોજી વીકની ઉજવણી, જુદા જુદા પાકોની ખેતી પધ્ધતિ પર તૈયાર કરેલી વિડીયો ફીલ્મ દેખાડવી, વગેરે કાર્યક્રમો યોજવામાં આવે છે. છેલ્લા આઠ વર્ષમાં ખેડૂતોમાં નવી ટેકનોલોજીનો પ્રચાર–પ્રસાર કરવા માટે લગભગ ૪૧૮૫ કરતા વધારે પ્રથમ હરોળનાં નિદર્શનો મગફળી, એરંડા, તલ, કપાસ, બાજરા, ઘઉ, જીરૂ અને ચણા વગેરે પાકોમાં યોજવામાં આવેલ છે.



યુનિવર્સિટી દ્વારા બાયોફર્ટીલાઈઝર અને બાયો એજન્ટનું ઉત્પાદન કરવામાં આવે છે. બાયો એજન્ટ પાકના રોગ અને જીવાત નિયંત્રણ માટે ઉપયોગી છે, જેવા કે, ટ્રાયકોડર્મા હરજેનીયમ, ટ્રાયકોડર્મા ચીલોનીસ, એન.પી.વી., બીવેરીયા બેજીયાના, વગેરે. આ પ્રકારના બાયો એજન્ટનું યુનિવર્સિટી દ્વારા ખેડૂતોને વેંચાણ કરવામાં આવે છે.

